અને પછી એ દિવસ આવ્યો જ્યારે ઍડી મૂર લૂઇસ વોટર્સને ઘેર ગઈ. મે મહિનાની સાંજ હતી. હજી અંધારું પૂરું ઊતર્યું ન હતું.

એ લોકો શહેરના જૂના વિસ્તાર સીડર સ્ટ્રીટમાં એક બ્લૉકના અંતરે રહેતાં હતાં. શેરીમાં એલ્મ અને હેકબરીનાં વૃક્ષો હતાં. પગદંડીના છેડે મેપલનું એક ઝાડ હતું. કેડીની સમાંતરે લીલી લૉન બે મજલાનાં ઘરો સુધી પથરાયેલી હતી. દિવસ હૂંફાળો હતો. સાંજે ઠંડક થઈ ગઈ હતી. ઍડી વૃક્ષો નીચેથી પગદંડી પર ચાલતી લૂઇસના ઘર તરફ વળી.

લૂઇસે બારણું ઉઘાડ્યું ત્યારે ઍડીએ કહ્યું : અંદર આવી શકું? કશુંક કહેવું છે.

લિવિંગરૂમમાં બેઠાં.

શું પીશો? ચા?

ના, થૅન્ક યૂ. કદાચ કશું પીવા જેટલો સમય રોકાઉં પણ નહીં.

ઍડીએ આજુબાજુ નજર ફેરવી.

તમારું ઘર સરસ છે.

ડાયાન હંમેશાં ઘર ચોખ્ખું અને વ્યવસ્થિત રાખતી. મેં પણ થોડો પ્રયત્ન કર્યો છે.

છતાં હજી સરસ લાગે છે. હું ઘણાં વરસે અહીં આવી.

ઍડીએ બારીમાંથી બાજુના આંગણા તરફ જોયું. ધીરેધીરે

ઊતરતી રાત કિચનમાં પણ ઘેરાવા લાગી હતી. સિન્ક અને કાઉન્ટર્સ પર અજવાળું ચળકતું હતું. બધું સાફ અને વ્યવસ્થિત હતું. એ એને જોતો હતો. એ સુંદર લાગતી હતી. એના મનમાં ઍડ્ડી વિશે એવી જ છાપ રહી છે. એ યુવાન હતી ત્યારે વાળ કાળા હતા. હવે શ્વેત અને ટૂંકા છે. એણે શરીર સાચવ્યું છે. કમર અને નિતંબનો ભાગ થોડો ભરાયો છે.

કદાચ તમને નવાઈ લાગતી હશે કે હું અહીં શા માટે આવી છું, ઍડ્ડીએ કહ્યું.

મારું ઘર સારું લાગે છે એ કહેવા તો નથી જ આવ્યાં.

ના, તમને કશુંક સૂચવવા આવી છું.

ઓહ!

પ્રસ્તાવ જેવું.

ઓકે.

લગ્નનો પ્રસ્તાવ નહીં, એણે કહ્યું.

હું પણ એવું ધારતો નથી.

જોકે લગ્ન જેવી જ બાબત છે, પરંતુ હવે કહેતાં ખચકાઉં છું. એ થોડું હસી. એ પણ લગ્નના પ્રસ્તાવ જેવું જ લાગે છે, નહીં?

શું?

કહેતાં ખચકાઉં છું એ.

હોઈ શકે.

હં... વારુ, કહી જ દઉં.

સાંભળું છું, લૂઇસે કહ્યું.

હું વિચારતી હતી કે તમે ક્યારેક ક્યારેક મારી સાથે સૂવા મારે ઘેર આવી શકો?

એટલે? તમે શું કહેવા માગો છો?

જુઓ, આપણે બંને એકલાં છીએ. ઘણાં વરસોથી એકલાં રહીએ છીએ. મને એકલું લાગે છે. તમને પણ લાગતું હશે. હું વિચારતી હતી કે તમે મારે ઘેર આવો અને આખી રાત મારી બાજુમાં સૂઓ. અને વાતો કરો.

એ એને તાકી રહ્યો. હવે જિજ્ઞાસાપૂર્વક. સતર્ક.

તમે કશું બોલ્યા નહીં. મેં તમારા શ્વાસ અધ્ધર કરી નાખ્યા? એણે પૂછ્યું.

હા. એવું જ છે.

હું સેક્સની વાત નથી કરતી.

મને નવાઈ તો લાગી.

ના, સેક્સ નહીં. મારા મનમાં એ નથી. સેક્સની ઇચ્છા તો ઘણા સમયથી રહી નથી. હું રાત પસાર કરવાની વાત કરું છું. હું હૂંફાળી પથારીમાં સૂતી હોઉં. કોઈ મારી બાજુમાં હોય. સાથીદારની જેમ. તમે આખી રાત મારી પાસે રહો અને આપણે એક જ પથારીમાં સાથે સૂઈએ. રાત પસાર કરવી બહુ મુશ્કેલ લાગે છે, તમને એવું નથી લાગતું?

હા, લાગે છે.

મારે રોજ રાતે ઊંઘની ગોળી લેવી પડે છે અને મોડે સુધી વાંચ્યા કરવું પડે છે. પછી બીજે દિવસે ઘેનમાં બહુ સુસ્તી રહે છે. હું મારા માટે કે બીજા કોઈ માટે કશું જ કરી શકતી નથી.

મારો પણ એવો જ અનુભવ છે.

પણ મને થાય છે કે કોઈ મારા પડખે સૂતું હોય તો સારી રીતે ઊંઘી કરી શકું. કોઈ સારી વ્યક્તિ. એ પ્રકારની નિકટતા. રાતે સૂતાંસૂતાં વાતો કરીએ. અંધારામાં.

એણે જવાબની રાહ જોઈ.

તમને શું લાગે છે? એણે પૂછ્યું.

ખબર નહીં. ક્યારથી શરૂ કરવા માગો છો?

તમે ઇચ્છો ત્યારથી, એણે કહ્યું, જો તમે ઇચ્છતા હો તો. આ અઠવાડિયાથી.

મને વિચારવાનો સમય આપો.

ઑલ રાઇટ. પરંતુ તમે આવવાનું નક્કી કરો એ દિવસે મને ફોન કરજો, જેથી મને ખબર હોય કે તમે આવશો.

ઑલ રાઇટ.

હું તમારા નિર્ણયની રાહ જોઈશ.

મને નસકોરાં બોલાવવાની આદત હોય તો?

તો બોલાવજો અથવા એ આદત ભૂલી જવાનું શીખજો.

એ હસ્યો. બેમાંથી પહેલું બનશે. નસકોરાં બોલાવીશ.

એ ઊભી થઈ. બહાર નીકળી અને એના ઘર તરફ જવા લાગી. એ દરવાજામાં ઊભો રહી એને જોવા લાગ્યો. મધ્યમ કદની શ્વેતકેશી સિત્તેર વરસની સ્ત્રી ખૂણાના સ્ટ્રીટ લૅમ્પના અજવાળાના ટુકડાઓની વચ્ચેથી વૃક્ષો નીચેથી જઈ રહી હતી. આ શું બનવા બેઠું છે, બબડ્યો. હવે વધારે વિચારવાનું રહેવા દે.